Activity report from June 2024-

VOICE -CULTURE WORKSHOP By Pt. DEBASHISH DAY






બનારસ ઘરાનાના સંગીતકાર પંડિત દેવઆશીષ સાથે સિટી ભાસ્કરની વાત

**‘શાસ્ત્રીય સંગીતનું માર્કેટિંગ નથી થતું એટલે યુવાનોનો પ્રેમ ઓછો મળે છે’**

સુરત । વર્લ્ડ મ્યુઝિક ડે નિમિત્તે સ્કોપા દ્વારા નાનપુરાના માલવી હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં પંડિત દેવઆશીષ તેમની દીકરી જયંતિકા ડે સાથે હાજર રહ્યા હતા અને પ્રસ્તુતિ આપી હતી. તેઓ ક્લાસિકલ વોકાલિસ્ટ છે. તેઓ બનારસ ઘરાનાથી છે. આ પ્રસંગે સિટી ભાસ્કરે તેમની સાથે વાત કરી હતી જેમાં તેમણે કહ્યું હતું કે, મે ક્લાસિકલ મ્યુઝિકમાં ખયાલી, ઠુમરી, દાદરા, તાપા, કાઝીર અને છાયતલ શીખી છે. જો યુવાનો મૂળથી સંગીત શીખશે તો ભવિષ્યમાં ખૂબ આગળ જશે.

**પોતાના સમયના લીજેન્ડ સિંગર્સ પણ આજે સંઘર્ષ કરી રહ્યા છે, એનું કારણ શું છે?**
પસંદ-નાપસંદ શ્રોતાઓ નક્કી કરી છે. લતા માંગેશકરનો સમય આજે પણ છે. લોકોની પસંદ સમયની સાથે બદલાતી હોય છે. જેથી તેમના આર્ટિસ્ટ પણ બદલાઈ જાય છે. પોપ મ્યુઝિકમાં તો લોકો આવીને જતા રહે છે. પરંતુ શાસ્ત્રીય સંગીતના ચાહકો બદલાતા નથી. પોપ મ્યુઝિકમાં આર્ટિસ્ટ ઝડપથી ફેમસ થાય છે અને ગાયબ પણ થઈ જાય છે. પરંતુ શાસ્ત્રીય સંગીતમાં આવો કોઈ કિસ્સો જ નથી.

**નવા કલાકારો માટે શું કહેશો?**
સંગીતને મૂળથી શીખવાનું શરૂ કરો અને મૂળ સંગીતને હંમેશાં યાદ રાખો. પ્રેક્ટિસની સાથે સાથે વધુમાં વધુ સંગીત સાંભળવાનું રાખો. હાલના કલાકારો પાસે બે વિકલ્પ છે. તેઓ પોપ્યુલર સિંગર બની કોમર્શિયલ શો કરે અથવા તો મૂળ સંગીતને આગળ લાવવાનું કામ કરે.

**યુવાને ક્લાસિકલ મ્યુઝિકમાં કેમ રસ નથી?**
ક્લાસિકલ મ્યુઝિક વાળાઓ પોતની માર્કેટિંગ કરતા નથી. તેઓ પોતાની સાધનામાં જ રહી જાય છે જ્યારે અન્ય લોકો આગળ નીકળી જાય છે. હાલમાં જ રિલીઝ થયેલી વેબસિરીઝ હીરામાંડીની વાત કરું તો એમાં જૂના ગીતો જ લેવાયા છે. તમે જોઈ જ શકો છો કે યુથે તેને ખૂબ પ્રેમ આપ્યો.

ઘણા કલાકાર છે જેઓ સારું ગાવે છે પરંતુ સોશિયલ મીડિયા પર નથી. જ્યારે કેટલાક ફક્ત ત્યાં જ ફેમસ છે. તેમની પાસે સંગીતનું કોઈ મૂળ નથી. સો.મીડિયાના યુથને તમે જે આપો છો તેને એ લોકો ફેમસ કરે છે.



CAMERA ACTING WORKSHOP BY Dr. PADMESH PANDIT











BHARATNATYAM WORKSHOP BY Dr.UMA ANTANI and SHIVANGI VIKRAM









દિવ્ય ભાસ્કર સુરત-સિટી ભાસ્કર 10-08-2024

પરફોર્મિંગ આર્ટ્સ ખાતે ભરતનાટ્યમ વર્કશોપ યોજાયો

સુરત | પંકજ કાપડિયા સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટસ દ્વારા ત્રી-દિવસીય ભરતનાટ્યમ વર્કશોપ યોજાયો હતો. જેમાં ડો. ઉમા [illegible] અને શિવાંગી વિક્રમે માર્ગદર્શન આપ્યું હતું. વર્કશોપમાં સુરત ઉપરાંત વલસાડ, ચીખલી, આણંદથી નૃત્યાંગનાઓએ ભાગ લીધો હતો. પાર્ટીસિપન્ટ્સને 'અલારીપુ' અને 'કિર્તનમ' સહિતના નૃત્યો શીખવાડવામાં આવ્યા હતા.

MUSICAL PRODUCTION BY Ph.D. STUDENTS




પી.ટી. સાયન્સ કોલેજના તારામોતી હોલમાં સંગીત કાર્યક્રમ યોજાયો

## પીએચડીના સ્ટુડન્ટ્સે વૈદિક કાળથી આધુનિક સંગીત સુધીની સફર કરાવી

સિટી રિપોર્ટર . સુરત



પંકજ કાપડિયા સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટસના પીએચ. ડી. ના છાત્રો દ્વારા અભ્યાસક્રમના ભાગરૂપે પીટી સાયન્સ કોલેજના તારામોતી હોલમાં સંગીત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સંગીત સભર કાર્યક્રમ 'સ્થાય'માં પ્રાચીન વૈદિક કાળથી આધુનિક યુગના સંગીની સફર દર્શાવાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ સંગીતના 10 પ્રકાર રજૂ કર્યા હતા. જેમાં વૈદિક ઋચા, ધ્રોપદ, ખ્યાલ, કવ્વાલી, સૂફી સંગીત, ફોક મ્યુઝિક સહિતના સંગીત સામેલ છે.

વેદકાલમાં જે સંગીત હતું એ ઋચાઓથી સંબંધિત હતું. પરંતુ એવું નથી કે આ પ્રકારના સંગીત હવે લોકો ગાતા નથી, ગાયત્રી મંત્ર પણ ઋચાનો એક પ્રકાર છે અને દરેક લોકો આજે પણ એને ગાય છે.

કાર્યક્રમમાં 60થી વધુ વિદ્યાર્થી સામેલ થયા હતા. જેમાં કેટલાક મ્યુઝિકના હતા તો કેટલાક નૃત્ય ફીલ્ડથી હતા. આ પ્રસંગે 10થી વધુ પ્રાચીન વાદ્યો પણ વગાડવામાં આવ્યા હતા. જેમાં તબલા, હાર્મોનિયમ, પખાવજ, તાનપુરા, બેન્જો, સંખ, મંજીરા અને એકોસ્ટિક સહિતનો ઉપયોગ કરાયો હતો. જે દર્શાવે છે કે જૂના વાદ્ય આજનાં ડિજીટલ યુગમાં પણ કેટકલા જીવંત છે.

### સંગીત એ છે જે તમારા મનને શાંત કરે, સ્ટ્રેસ દૂર કરે

ડૉ. શિખા સોમૈયા જણાવે છે કે, સંગીત એ છે જે તમારા માન ને શાંત કરે, સ્ટ્રેસ દૂર કરે. શોરને સંગીત નહીં કેહવાય. જે આજના યુથને ખૂબ જ ગમે છે. આ કાર્યક્રમ દરમિયાન નાદ બ્રહ્મ, સરસ્વતી મહાભદ્ર, ઓમ ત્રયમ્બકમ, ધ્રુપદ, લપક ઝપક, સ્વર મલ્લિકા, ગુંજી શી હૈ, ખ્યાલ અને તરાના, કવ્વાલી અને લોકગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

EKLAVYA STATE LEVEL CONTEST -2024








દિવ્ય ભાસ્કર સુરત-સિટી ભાસ્કર 21-07-2024

**14મી ઓગસ્ટે 'એકલવ્ય' નૃત્ય, નાટક અને સંગીત સ્પર્ધા યોજાશે**

સિટી રિપોર્ટર . સુરત

વિદ્યાર્થીઓમાં રહેલી કળાને રાજ્યભરમાં પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે સાર્વજનિક યુનિવર્સિટી સંચાલિત પંકજ કાપડિયા સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટસ ખાતે એકલવ્ય 2024 નૃત્ય-નાટ્ય અને સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાળા કક્ષાએ ધોરણ 8 થી 12ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. એ સાથે જ કોલેજ કક્ષાએ સ્નાતક તેમજ અનુસ્નાતકના અભ્યાસી વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધા તારીખ 14 ઓગસ્ટ ના રોજ યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્કોપા કોલેજ (નાનપુરા)નો સંપર્ક કરી શકાય છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવાની છેલ્લી તારીખ 8 ઓગસ્ટ 2024 છે. ત્યારબાદ આવેલી અરજીઓને સ્વીકારવામાં નહીં આવશે તેમ આયોજકોએ જણાવ્યું હતું.











THEATRON DRAMA PRODUCTION PUBLIC SHOW-2024






પુકાર

પ્રતીક જાદવ દ્વારા લિખિત અને રાહુલ સોનવણે દ્વારા દિગ્દર્શિત નાટક 'પુકાર' માં માનવીય ભાવો ઉત્કૃષ્ટ રીતે ઉજાગર થયા

રોંગ નંબર

THEATRON - DRAMA PERFORMANCE

# કલાકારોના પરફોર્મન્સ અને સ્ટોરીને પ્રેક્ષકોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું

સિટી રિપોર્ટર . સુરત

SPK SCOPA કોલેજ દ્વારા નાટ્ય વિભાગના વિદ્યાર્થીઓને થિયેટર મેનેજમેન્ટ અને વ્યવસાયિક રંગભૂમિનો અનુભવ કરાવવા થિયેટ્રોન- ડ્રામા પરફોર્મન્સનું આયોજન કરાયું હતું. જેમાં રાહુલ સોનવણે દ્વારા દિગ્દર્શિત 'પુકાર' અને સુંદરમ પ્રસાદ દ્વારા દિગ્દર્શિત 'રોંગ નંબર' નાટક રજૂ કરાયા હતા. પ્રેક્ષકોએ બંને નાટકના વિદ્યાર્થીઓને સ્ટેન્ડિંગ ઓવેશનથી નવાજ્યા અને કલાકારોને આવા સારા નાટકો કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## રોંગ નંબર નાટક

નાનકડી ગેરસમજને કારણે એક શારીરિક અક્ષમ વ્યક્તિની મનઃ સ્થિતિ રજૂ કરતું નાટક છે. જે દર્શાવે છે કે દરેકના જીવનમાં મુશ્કેલીઓ આવે છે પરંતુ પોતાના અંતરઆત્માનો અવાજ સાંભળીને આગળ વધવાથી જ મુશ્કેલી દૂર થાય છે.

## પુકાર નાટક

પ્રતીક જાદવ દ્વારા લિખિત અને રાહુલ સોનવણે દ્વારા દિગ્દર્શિત નાટક 'પુકાર' માં માનવીય ભાવો ઉત્કૃષ્ટ રીતે ઉજાગર થયા લાગણીના કોમળ તાંતણે રચાયેલા સંબંધોને વ્યાખ્યાયિત કરવામાં આવ્યા હતા.





MERA TERA RUN -STREET PLAY ON MENTAL HEALTH AND WELLNESS






INTERACACTIVE SESSION BY A DISTIGUSHED ACTOR Mr. DARSHAN JARIWALA






,



CULTURAL EXCHANGE PROGRAM WITH MUMBAI UNIVERSITY AT MUMBAI














## સ્કોપાના વિદ્યાર્થીઓએ મુંબઈ યુનિવર્સિટી ખાતે પરફોર્મ કર્યું

સુરત । સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે સ્કોપાના વિદ્યાર્થીઓને મુંબઈ યુનિવર્સિટીના સંગીત, લોક કલા અને નાટક વિભાગમાં સમૃદ્ધ વારસો અને કલાત્મક પરંપરાઓમાં ડૂબી જવાની સુવર્ણ તક મળી. નાટક 'નટસમ્રાટ'ની લાગણીઓ અને વાર્તા કહેવાની સુંદર રીતેથી પ્રભાવિત થઈ પ્રેક્ષકોએ ઉભા થઈને તાળીઓથી વિદ્યાર્થીઓને વધાવી લીધા. એટલું જ મંત્રમુગ્ધ કરનારું નૃત્ય નિર્માણ 'બાની મુગ્ધ મીરા માધવ માહી' હતું, જેમાં નૃત્યના વિદ્યાર્થિનીઓએ પ્રેક્ષકોને મુગ્ધ કરી દીધા હતા.

આ અનુભવના અંતે, દરેક વિદ્યાર્થીને તેમની ભાગીદારી અને ઉત્સાહને બિરદાવતા પ્રશંસાનું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું. શિક્ષકોને મુંબઈ યુનિવર્સિટી દ્વારા સુંદર સ્મૃતિચિહ્નોથી પણ સન્માનિત કરાયા હતા.

RAMOTSAV PROGRAM PERFORMANCE



# SU CARNIVAL AND CONVOCATION









SARAS MELO 2025 INITIATIVE BY GOVT. OF GUJARAT





# CULTURAL EXCHANGE PROGRAM AT SURAT



